ગાંધીનગર સમાચાર

શહેરના સરકારી આવાસોમાં બિન અધિકૃત વસવાટ અંગે સર્વે હાથ ધરાશે

# જિલ્લામાં સૌથી વધુ યુવા મતદારો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ૭,૬૫,૬૯૬ મતદારો ૫૦ વર્ષ સુધીની વય ધરાવતા છે. જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦,૯૬,૧૭૯ છે. આમ ૬૦ ટકાથી વધુ મતદારો યુવા છે.

જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૧૧,૭૨૩ છે. જ્યારે ૨૦ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૪૮,૩૪૫ છે. તો ૩૦ થી ૩૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૮૨,૧૯૬ અને ૪૦ થી ૪૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૨૩,૪૩૨ છે.

જિલ્લામાં સૌથી વધુ મતદારો ૩૦ થી ૩૯ વર્ષની આયુ ધરાવતા નોંધાયેલા છે. આ પછી ૨૦ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારો છે. આમ ૧૮ થી ૪૦ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૫,૪૨,૫૬૪ મતદારો છે.

જિલ્લામાં સૌથી વધુ નોંધાયેલા મતદારો ગાંધીનગર (દ)માં છે. જ્યારે સૌથી ઓછા મતદારો દહેગામમાં નોંધાયેલા છે. જિલ્લામાં સૌથી વધુ મહિલા મતદારો પણ ગાંધીનગર (દ)માં છે. જ્યારે સૌથી ઓછા મતદારો દહેગામમાં નોંધાયેલા છે. જિલ્લામાં સૌથી વધુ મહિલા મતદારો પણ ગાંધીનગર (દ)માં છે. જ્યારે સૌથી ઓછી મહિલા મતદારો પણ દહેગામમાં છે. દહેગામ અને માણસામાં મહિલા મતદારોની સંખ્યા ૧ લાખ કરતાં પણ ઓછી છે.

જિલ્લામાં સૌથી વધુ સર્વિસ વોટર્સ ગાંધીનગર (ઉ)માં છે. જેમની સંખ્યા ૨૯૩ છે. જ્યારે સૌથી ઓછા સર્વિસ વોટર્સ કલોલમાં નોંધાયા છે. જેમની સંખ્યા ૭૫ છે. જિલ્લામાં નોંધાયેલા સર્વિસ વોટર્સની સંખ્યા ૯૩૭ છે. છેલ્લા એક વર્ષમાં મહિલા મતદારોએ વધુ જાગૃતિ નોંધણી માટે દાખવી છે. ૨૦૧૪માં મહિલા મતદારોની સંખ્યા ૫,૧૮,૨૩૬ હતી જેની સામે આજે પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીમાં મહિલા મતદારોની સંખ્યા ૫,૨૯,૪૭૬ થઈ છે. મહિલા મતદારોનો વધારો ૧૧,૨૪૦ થયો છે, જ્યારે પુરૂષ મતદારોની સંખ્યા ૧૦,૮૨૮ વધી છે.

**આ વર્ષે મહિલાઓએ મતદાર નોંધણીમાં ભારે ઉત્સાહ બતાવ્યો સર્વિસ વોટર્સ ૯૩૭ છે**



આમળા શિયાળામાં શ્રેષ્ઠ -ઠંડીની જમાવટ થતી જાય છે... આદુ, હળદર, મુળા-મોગરીની સાથોસાથ આમળાનું વેચાણ પણ અગ્ર હરોળમાં છે... વીટામીન-સીથી ભરપૂર અને રોગપ્રતિકારક શક્તિથી છલોછલ આમળા વિવિધ બનાવટથી બજારમાં વેચાય છે... આમળાનો મુરબ્બો, આમળાનો મુખવાસ, આમળાનો જ્યુસ અને આમળાના કટકા આજકાલ શહેરમાં ઠલવાયા છે... મધ્યમ વર્ગીય સમાજ નિયમિત રીતે આમળાનું સેવન કરી સ્વસ્થ જીવન જીવવાનો પ્રયાસ કરે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં ઠંડીનો વિચિત્ર મિજાજ

ગાંધીનગર તા ૫

શહેરમાં ઠંડીના પારાની સતત ચઢ ઉતર વચ્ચે વાતાવરણમાં પણ બદલાવ જોવા મળે છે. ગઈકાલે ઠંડીનુ પ્રમાણ વધ્યુ હતુ. જયારે આજે ઠંડીનો પારો બે ડીગ્રી ગગડયો હતો. લઘુત્તમ તાપમાન વધીને ૧૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાન પણ ૩૨ ડીગ્રી નોંધાયુ હતુ. નગરજનોએ દિવસના સમયે ગરમીનો અહેસાસ કર્યો હતો.

છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં ઠંડી ગરમીના પારાની સતત વધ ઘટ જોવા મળી રહી છે. જેના પરિણામે મૌસમનો મિજાજમાં પણ રોજબરોજ બદલાવ જોવા મળે છે. ઠંડનો પારામાં સતત ચઢઉતર જોવા મળતા શિયાળાની ઋતુમાં નિખાર આવતો નથી. જયારે મૌસમના વિચિત્ર મિજાજના લીધે નગરજનો પણ સુસ્તી અનુભવી રહયા છે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન વધીને ૩૨ ડી ગ્રી પહોચ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ બે ડીગ્રી ગગડીને ૧૨ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ.

**લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી પહોંચ્યુ**



**મહાનાયક** - ઉત્તરાયણને હવે માત્ર ૪૦ દિવસ બાકી ત્યારે પતંગ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે... રંગબેરંગી પતંગોમાં આ વર્ષે નવો ઉમેરો થઈ રહ્યો છે... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તસવીરવાળા પતંગો મોટા જથ્થામાં તૈયાર થઈ રહ્યા છે... બેકગ્રાઉન્ડમાં ત્રિરંગાના કલર અને પ્રધાનમંત્રીની તસવીર ઉપરાંત અચ્છે દિન આ ગયેના સૂત્રો સાથેના પતંગોમાં આકાશમાં ઉડશે...

# છેલ્લા એક વર્ષમાં ૨૨ હજાર મતદારો વધ્યા

**૧૦મીએ ગ્રામસભા તો ૧૭મીએ વોર્ડસભા યોજી મતદાર નોંધણી અંગે જાગૃતતા લવાશે : કલેક્ટર : ૬ અને ૧૩ ડિસેમ્બરે ખાસ ઝુંબેશ પણ યોજવામાં આવશે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં મતદાર સુધારણા ઝુંબેશ અંતર્ગત ૧૦મી ડિસેમ્બરે ખાસ ગ્રામસભા તથા ૧૭ ડિસેમ્બરના રોજ શહેરી વિસ્તારોમાં વોર્ડ સભા યોજી મતદાર યાદીમાં નવા નામ દાખલ કરવાની અરજીઓ મેળવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંગેની વિગતો આપતાં જિલ્લાના મુખ્યચૂંટણી અધિકારી કલેકટર રવિશંકરે આજે પત્રકારોને જણાવ્યું હતું કે આ સભાઓ મતદાર તરીકેની નોંધણીની ચકાસણી માટે પણ જરુરી છે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦, ૯૬, ૧૭૯ છે. જેમાં પુરુષ મતદારો ૫, ૬૬, ૬૯૨ છે જયારે ૫, ૨૯, ૪૭૬ મહિલા મતદારો છે. આ વર્ષમાં આ છઠ્ઠીવાર મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. ૬ અને ૧૩ ડિસેમ્બરે તમામ મતદાન મથકો પર મતદારયાદી સાથે બી.એલ.ઓ. હાજર રહેશે. નવા નામ દાખલ કરવા, નામ કમી કરવા, મતદારયાદીમાં સુધારણા કરવી, સ્થળાંતરિત કરી ગયેલા મતદારોની ચકાસણી સહિતની અરજીઓ ત્યાં સ્વીકારવામાં આવશે.

આ બંને દિવસો દરમિયાન જિલ્લામાં ૧૫૦૦ થી પણ વધુ કર્મચારીઓ તેમની ફરજ બજાવશે. આ માટેની તમામ તૈયારીઓ થઈ ચુકી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

૧.૧.૨૦૧૬ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરનાર નવયુવાનો તેમના નામ નોંધાવી શકશે. તેમણે જણાવ્યું કે નામ નોંધાવવા માટે સતત પ્રક્રિયા ઉપરાંતનો આ ખાસ કાર્યક્રમ છે. મતદાર યાદીની આજે પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવી છે. આખરી યાદી ૨૦ જાન્યુઆરીના રોજ પ્રસિદ્ધ થશે.

જિલ્લામાં મતદાર નોંધણી અંગેની જાગૃતિ માટે શૈક્ષણિક સંકુલોમાં કેમ્પસ્ એમ્બેસડર તથા ડેઝીગ્નેટેડ ઓફિસરોની પણ નિયુક્તિ કરવામાં આવી છે.

મતદાર યાદીને લઈ થયેલા હોબાળાઓનો તેમને ઈન્કાર કર્યો

● અનુસંધાન પાન-૭ પર

## સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશની સાથે સાથે...!

- ગાંધીનગર જિલ્લામાં કુલ વસ્તીના ૬૫.૯૭ ટકા લોકો નોંધાયેલા મતદારો છે. જિલ્લામાં ઈ.વી. રેસિયો સૌથી વધુ ગાંધીનગર (દ) વિધાનસભા મતવિસ્તારમાં જોવા મળ્યો છે.
- જિલ્લામાં ૧૧૬૨ મતદાન મથકો છે. જેમાં સૌથી વધુ ૨૮૪ મતદાનમથકો ગાંધીનગર(દ)માં, આ પછી માણસામાં ૨૨૯ અને ગાંધીનગર (ઉ)માં ૨૨૫, દહેગામમાં ૨૨૦ અને કલોલમાં ૨૦૪ છે.
- ગાંધીનગર જિલ્લામાં પાંચ પૂરવણી યાદી સાથે મૂળ મતદારયાદી તૈયાર કરાયેલી છે.
- ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા તમામ મતદારો પાસે એપિક કાર્ડ હોવાનું તથા તમામ મતદાર યાદીઓ ફોટાવાળી હોવાનું તંત્રએ જણાવ્યું છે.

# શહેરના સરકારી આવાસોમાં બિન અધિકૃત વસવાટ અંગે સર્વે હાથ ધરાશે

ગાંધીનગર તા ૫

શહેરના સરકારી આવાસોમાં બિનઅધિકૃત વસવાટ અંગે તંત્ર દ્વારા ટુંકમાં સર્વે હાથ ધરવામાં આવશે. હાલ બિનઅધિકૃત વસવાટ સંદર્ભે ૯૮ કીસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જયારે હજુ પણ શહેરના સેકટરોમાં સ્થિત જુદા જુદા સેકટરોમાં સ્થિત કેટલાક સરકારી આવાસો ગેરકાયદેસર કબજા હેઠળના હોવાનુ ધ્યાને આવ્યુ છે.

શહેરના સેકટરોમાં અંદાજીત ૧૬ હજાર જેટલા સરકરી આવાસો છે. જયારે આ પૈકી કેટલાક નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા છે. જે પૈકી મોટાભાગના આવાસોનો નિકાલ પણ કરી દેવામાં આવ્યો છે. સરકારી આવાસોની માંગણી સંદર્ભે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી છે. ત્યારે બીજીતરફ આવાસોની ઘટ નિવારવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા ટાવર કોલોની બનાવવા માટેનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ટુંકમાં ટાવર કોલોની બનાવવાનુ કામ શરૂ

**હાલની સ્થિતિએ ગેરકાયદેસર વસવાટના ૯૮ કીસ્સામાં કાર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે**

● અનુસંધાન પાન-૫ પર





ગાંધીનગર જિલ્લાના રાંધેજા ખાતે વિશ્વ જમીન દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સોઈલ હેલ્થ કાર્ડનું ટોકન વિતરણ કરાયું હતું. આ ઉજવણીમાં રાજ્યના કૃષિમંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા અને કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એસ ટી ડેપોના પે-પાર્કીંગ માટે પુનઃ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૫

શહેરના એસ ટી ડેપોમાં પે પાર્કીંગનો કોન્ટ્રાકટ પુરો થતા હાલ એસ ટી ડેપો દ્વારા જ પાર્કીંગ વ્યવસ્થાનુ સંચાલન કરવામાં આવે છે. અગાઉ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ નીચા ભાવના ટેન્ડરના લીધે તંત્ર દ્વારા રીટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં અપડાઉન કરતા મુસાફરોની સુવિધા માટે પે પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે છેલ્લા કેટલાક વર્ષોથી પાર્કીંગ વ્યવસ્થાના સંચાલન માટે ટેન્ડર પ્રક્રીયા કરી ખાનગી એજન્સીને કામ સોંપી દેવામાં આવે છે. પરંતુ છેલ્લા દોઢ મહીનાથી ડેપોના પાર્કીંગની જવાબદારી એસ ટી તંત્ર દ્વારા જ સંભાળવામાં આવી રહી છે. ગાંધીનગર ડેપોમાંથી અમદાવાદ અપડાઉન કરતા મુસાફરોમાં નોકરીયાત વર્ગ ઉપરાંત વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. જેના પરિણામે ડેપોનુ પાર્કીગં વાહનોથી ભરચક જોવા મળે છે. ડેપોના પાર્કીંગ બહાર પણ વાહનો પાર્ક થયેલા જોવા મળે છે. ડેપોમાં આવતા મુસાફરોને પાર્કીંગ સુવિધા મળી રહે તે માટે પે પાર્કીંગ કાર્યરત છે. જયારે દર નિયત સમયે આ પાર્કીંગ વ્યવસ્થાના સંચાલન માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી એજન્સીને જવાબદારી સોંપવામાં આવે છે. પરંતુ ગત દિવસોમાં પાર્કીગનુ ટેન્ડર નીચુ ખુલતા એસ ટી ડેપો દ્વારા કોઈ એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો નથી.

**અગાઉ નીચા ભાવનુ ટેન્ડર ખુલ્યુ હતુ : પાર્કીંગની જવાબદારી હાલ દોઢ મહીનાથી ડેપો સંભાળે છે**

## PUBLIC NOTICE

Notice is hereby given by DCB Bank Limited (Formerly Development Credit Bank Limited) having its Registered Office at 601 & 602, Peninsula Business Park, 6th Floor, Tower A, Senapati Bapat Marg, Lower Parel, Mumbai – 400 013 and one of the Branch Office at Plot no. 439, Sectore-16, GH Road, Gandhinagar – 382 076, Phone – 079-65730138, to the general public that Mrs. Madhukanta N. Patel had an account and Fixed Deposits with our Bank with her address in our records as Plot No. 680/2, Golden Park, Sector 30, Gandhinagar - 382030. As Mrs. Madhukanta N. Patel has passed away on 24th August, 2014, her legal heirs Mr. Himanshu Patel (son), Ms. Kirtibala Maheshkumar Patel (daughter), Ms. Mina Hasmukh Patel (daughter) and Ms. Hema Jagrutkumar Patel (daughter) are claiming for the settlement of the aforementioned accounts and disburse the amount in the name of Mr. Himanshu Patel.

Any person having any claim as regards the accounts of Mrs. Madhukanta N. Patel shall contact us on the aforementioned address within 15 (fifteen) days from the date of this notice, post which, we shall not be liable for any claim of whatsoever nature.

Date : 6/12/2015 Sd/-
Place : Gandhinagar For DCB Bank Limited

# શહેરમાં વૃક્ષોના રી-ટ્રાન્સપ્લાન્ટેશનની કામગીરીના નામે મીંડુ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોનુ ટ્રાન્સપ્લાન્ટ કરવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. વન વિભાગની કચેરીના સંકુલમાં સવા કરોડનુ મોંઘેરુ મશીન પણ લાંબા સમયથી ધુળ ખાય છે. ગત એપ્રિલ માસથી આ મશીનનો ઉપયોગ થયો ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.વન તંત્ર દ્વારા ડ્રાઈવરને પણ રવાના કરી દેવામાં આવ્યો હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે.

હરીયાળા શહેરન તરીકે ઓળખાતા ગાંધીનગરમાં વૃક્ષોની વાવણી અને જતન માટે નગરજનો જાગૃત છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોના ટ્રીમીંગ તેમજ ઉછેરના મામલે વન તંત્ર સદંતર નિરસતા દાખવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગત જુલાઈ મહીના દરમિયાન જિલ્લામાં તોફાની વરસાદના સંજોગોમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ જતા હરિયાળીનુ નિકંદન વળી ગયુ હતુ. જયારે સેંકડો વૃક્ષો નમી જતા ભયજનક હાલતમાં હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. ગ્રીનસીટીમાં વૃક્ષોનુ નિકંદન વળતા આમ નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો હતો.જયારે પ્રકૃતિ પ્રમીઓએ પણ નારાજગી વ્યકત કરી હતી. શહેરમાં હાલમાં પણ ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ મનાઈ રહયુ છે. લાંબા સમયના અંતે પણ સેકટરોમાં વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ થઈ શકયુ નથી.ત્યારે જરૂરી વૃક્ષોને બચાવવા

**મોંઘુદાટ મશીન પણ લાંબા સમયથી ધુળ ખાય છે : વન તંત્ર દ્વારા છેલ્લા ૬ મહીનાથી ટ્રાન્સપ્લાન્ટની કામગીરી કરવામાં આવી નથી**

● અનુસંધાન પાન-૫ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com